EDI

The Economic Times (Guj.)

March 17, 2016
Page No. 2

# સ્ટાર્ટ-અપ યોજના માટે ઈડીઆઈ નોડલ એજન્સી

**અમદાવાદ:** રાજ્યમાં સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના ઉદ્યોગ ખાતા દ્વારા સ્ટાર્ટ-અપ તથા સંશોધન યોજના અંતર્ગત ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (ઈડીઆઈ)ની નોડલ એજન્સી તરીકે નિમણૂક કરવામાં આવી છે. નોડલ સંસ્થા તરીકે ઈડીઆઈ નવા બિઝનેસ આઈડિયા ધરાવતા સંભવિત સ્ટાર્ટ-અપ્સને સલાહ અને માર્ગદર્શન પૂરું પાડશે. ખેતી, વેપાર, ફૂડ પ્રોસેસિંગ, બાયોટેક્નોલોજી, કેમિકલ્સ, પ્લાસ્ટિક્સ તથા ઉત્પાદન સાથે સંકળાયેલા સ્ટાર્ટ-અપ્સ તેનો લાભ ઉઠાવી શકશે. સ્ટાર્ટ-અપને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે સ્ટેટ લેવલ ઈમ્પ્લિમેન્ટેશન કમિટી (એસએલઆઈસી)ની રચના કરી છે. આ કમિટી દ્વારા સ્ટાર્ટ-અપ માટેની નોડલ એજન્સી તરીકે ઈડીઆઈની પસંદગી કરવામાં આવી છે. નોડલ એજન્સી તરીકે ઈડીઆઈ સ્ટાર્ટ-અપ્સને સંસ્થાન ખાતે ઉપલબ્ધ સુવિધાઓનો લાભ આપશે અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન પણ આપશે.

NB